RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 264, Dt.25-1-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કાલે આન - બાન - શાન સાથે ત્રિરંગો લહેરાવાશે

## દેશના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં દિલ્હીમાં શાનદાર પરેડ યોજાશે : મુખ્ય અતિથિ તરીકે હાજર રહેનાર ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિનું આગમન : રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્વાગત

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશના ૭૬મા પ્રજાસત્તાક દિનની આવતીકાલે આન-બાન અને શાનથી ઉજવણી કરવામાં આવશે. દિલ્હીમાં રાજપથ ખાતે ભારતીય સૈન્ય દ્વારા આધુનિક શક્તિનું પ્રદર્શન અને સાથોસાથ દેશના વિવિધ રાજ્યો દ્વારા વિકાસ અને સાંસ્કૃતિક ઝાંખીઓ સાથે પરેડ યોજાશે. લાલ કિલ્લા ખાતે રાષ્ટ્રધ્વજની સલામી આપવામાં આવશે.

આવતીકાલના ગણતંત્ર દિનના મુખ્ય અતિથિ તરીકે ઈન્ડોનેશીયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબીયાંતો આજે ભારત આવી પહોંચ્યા હતા અને રાષ્ટ્રપતિ દ્રોપદિ મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું સ્વાગત કર્યું હતું. વિમાની મથકે વિદેશ રાજ્ય મંત્રી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રસપ્રદ બાબત એ છે કે, ગણતંત્ર દિનના મુખ્ય અતિથિ તરીકે ભારતમાં હાજરી આપનાર તેઓ ઈન્ડોનેશીયાના ચોથા રાષ્ટ્રપતિ બન્યા છે. ૧૯૫૦માં દેશના પ્રથમ ગણતંત્ર દિનમાં ઈન્ડોનેશીયાના પ્રથમ રાષ્ટ્રપતિ સુકર્ણો મુખ્ય અતિથિ હતા. ભારત અને ઈન્ડોનેશીયા વચ્ચે ગાઢ સંબંધોમાં હવે તે ભારત પાસેથી બ્રહ્મોસ્ત્ર સહિતના મિસાઈલ અને અન્ય શસ્ત્રો ખરીદવાના કરાર થશે.

આવતીકાલે ગણતંત્ર દિનની ઉજવણી પૂર્વે દિલ્હી સહિત દેશભરમાં જબરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. ગુજરાતમાં ગણતંત્ર દિનની ઉજવણી તાપી જિલ્લામાં વ્યારામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થશે.

મુખ્યમંત્રી આજે જ વ્યારા પહોંચી ગયા છે અને તાપી જિલ્લાને અનેક વિકાસકામોની ભેટ આપી છે. દેશના અન્ય રાજ્યોના પાટનગરમાં પણ ગણતંત્ર દિનની ઉજવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

બીજી તરફ વ્યારા ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી સ્વર્ણિમ ભારતઃ વિરાસત ઔર વિકાસની થીમ સાથે સમગ્ર ભારતવર્ષમાં થશે. આ વર્ષે રાજ્યકક્ષાની ઉજવણી તાપી જિલ્લામાં થવાની છે. એને લઈને સમગ્ર વ્યારાનગર દેશભક્તિના રંગે રંગાયું છે. જિલ્લા સેવા સદન સહિત તમામ સરકારી કચેરીઓ અને જાહેર સ્થળો રંગબેરંગી લાઈટો અને આકર્ષક રંગોળીઓથી શણગારવામાં આવ્યાં છે. આજે પ્રજાસત્તાક પર્વની પૂર્વસંધ્યાએ રાજ્યપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૨૪૦ કરોડનાં ૬૧ કામનાં ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તાપી જિલ્લામાં રાજ્યકક્ષાના ૭૬મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે ઉપસ્થિત




તાપી જિલ્લામાં ૭૬મા રાજ્યકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી

રહેવાના છે, જેને લઈને આજે સાંજે તેઓ તાપી પહોંચશે, જ્યાં સાંજે ૪ કલાકે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને સયાજી ગ્રાઉન્ડ, વ્યારા ખાતે એટહોમ કાર્યક્રમ યોજાશે. એમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આમંત્રિત મહેમાનો સાથે સંવાદ સાધશે.

# એક બાજુ આપણે દેવીઓની પૂજા કરીએ છીએ અને દિકરીઓને અન્યાય કરીએ છીએ : સુપ્રિમ

## પત્નિ અને દીકરીઓને ઘરની બહાર કાઢી મુકનાર શખ્સના કેસમાં સુપ્રિમ કોર્ટની ફટકાર


**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દહેજ ઉત્પીડનના કેસમાં દોષિત ઠેરવવામાં આવેલા ઝારખંડના હજારીબાગના રહેવાસી યોગેશ્વર સાઓની અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે આકરી ટિપ્પણી કરી. ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહની ડિવિઝન બેન્ચે અપીલકર્તાને તેમની પુત્રીઓની અવગણના કરવા અને તેમની પત્નિ સાથે દુર્વ્યવહાર કરવા બદલ ઠપકો આપ્યો.

બેન્ચે કહ્યું, તમે કેવા માણસ છો, જેને પોતાની દીકરીઓની પણ પરવા નથી? આવા નિર્દય વ્યક્તિને આપણે આપણા દરબારમાં કેવી રીતે પ્રવેશ આપી શકીએ? ઘરે આખો દિવસ તમે ક્યારેક સરસ્વતી પૂજા કરો છો, ક્યારેક લક્ષ્મી પૂજા કરો છો અને પછી તમે આ બધું કરો છો.કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે અરજદારને કોઈપણ રાહત ત્યારે જ મળશે જો તે તેની ખેતીની જમીન તેની પુત્રીઓના નામે ટ્રાન્સફર કરવા સંમત થાય. કાટકમડાગ ગામના રહેવાસી યોગેશ્વર સો ઉર્ફે ડબલ્યુ સોને ૨૦૧૫ માં હજારીબાગ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે તેની પત્ની પૂનમ દેવીને ૫૦,૦૦૦ રૂપિયાના દહેજ માટે હેરાન કરવા બદલ ઈંડ્ઈ ની કલમ ૪૯૮અ હેઠળ દોષી ઠેરવ્યો હતો અને તેને અઢી વર્ષની સજા ફટકારવામાં આવી હતી. કેદ. હતી.

યોગેશ્વર અને પૂનમના લગ્ન ૨૦03 માં થયા હતા અને તેમને બે પુત્રીઓ છે. ૨૦૦૯માં, પૂનમ દેવીએ તેના પતિ દ્વારા દહેજ માટે ઉત્પીડન, બળજબરીથી ગર્ભાશય કાઢી નાખવા અને ત્યારબાદ ફરીથી લગ્ન કરવાનો આરોપ લગાવતી ૠઈંછનોંધાવી હતી. તેણીએ પોતાના અને પોતાની પુત્રીઓના ભરણપોષણ માટે ફેમિલી કોર્ટમાં અરજી પણ દાખલ કરી.

ફેમિલી કોર્ટે સોને તેની પત્નીને દર મહિને ૨,૦૦૦ રૂપિયા અને દરેક દીકરી પુખ્ત થાય ત્યાં સુધી દર મહિને ૧,૦૦૦ રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો. સાઓએ પોતાની સજા સામે ઝારખંડ હાઈકોર્ટમાં અપીલ કરી, જેણે સપ્ટેમ્બર



૨૦૨૪ માં ટ્રાયલ કોર્ટના ચુકાદાને સમર્થન આપ્યું. આ પછી, દોષિત યોગેશ્વરે ડિસેમ્બર ૨૦૨૪ માં રાહત માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે કાર્યસ્થળ પર જાતીય સતામણી માટે આંતરિક ફરિયાદ સમિતિઓ ના સભ્યોની નોકરીની સુરક્ષા માંગતી અરજી મહત્વપૂર્ણ છે. ન્યાયાધીશ સૂર્યકાંત અને એન. કોટિશ્વર સિંહની બેન્ચે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરવા છતાં, કોઈ હાજર થયું નથી કે કોઈ જવાબ દાખલ કરવામાં આવ્યો નથી.

# આઠમા પગાર પંચમાં કર્મચારીઓની બેઝિક સેલરીમાં 30 ટકાનો વધારો થશે?

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે. આઠમું પગર પંચ લાગુ થયા પછી કર્મચારીઓની લઘુતમ સેલરી કેટલી હશે? એ સાથે નિવળત્ત કર્મચારીઓના પેન્શનમાં પણ વધારો થવાની શકયતા છે. નિષ્ણાતોનું કહેવું છે કે આઠમા પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટર ૨.૬થી માંડીને ૨.૮૫ સુધી રહે એવી શકયતા છે. જેનાથી કર્મચારીઓની લઘુતમ બેઝિક સેલરી૨૫-30 ટકા વધારો થવાની શકયતા છે. હાલ એ સેલરી રૂ. ૧૮,000 પ્રતિ માહ છે, પણ ફિટમેન્ટ ફેક્ટર ૨.૮૫ રાખવામાં આવશે તો એ વધીને રૂ. ૪૦,૦૦૦થી રૂ. ૪૫,૦૦૦ પ્રતિ માહ થાય એવી શકયતા છે.

કર્મચારીઓ માટેના ફિટમેન્ટ ફેક્ટર એ હોય છે, જેનો ઉપયોગ સરકારી કર્મચારીઓની સેલરી અને પેન્શનની ગણતરીમાં કરવામાં આવે છે. આ ફેક્ટર ફુગાવો, કર્મચારીઓની આર્થિક આવશ્યકતા અને સરકારની નાણાકીય સ્થિતિ જેવા ફેક્ટરોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે આઠમા પગાર પંચ મુજબ તેમના પગારમાં ૧૮૬ ટકા સુધીનો વધારો થવાની શકયતા છે. આઠમું પગાર પંચ વર્ષ ૨૦૨૬થી લાગુ કરવામાં આવશે.



આઠમું પગારપંચ લાગુ થવાથી લઘુતમ પગાર ૩૪,૫૬૦ રૂપિયા, પેન્શન રૂ. ૧૭,૨૮૦ ઉછમળવાની અપેક્ષા છે. આનો સ્પષ્ટ અર્થ છે કે લઘુતમ વેતન લગભગ ૧૮૬ ટકા ટકા વધવાની શકયતા છે. પ્રમોશન અને પગાર વધારાને કારણે પેન્શન પણ વધી શકે છે.''

# જામનગરના દબાણ મુક્ત પીરોટન ટાપુ પર સૌપ્રથમ વખત ધ્વજવંદન કાર્યક્રમ

## સુરક્ષા એજન્સીના અધિકારીઓ હાજર રહેશેઃ સરકારનું આયોજન

**મુખ્ય સમાચાર,જામનગર**

રાજ્ય સરકારના સીધા માર્ગદર્શન અને દેખરેખ હેઠળ જામનગર નજીકના બેડીના દરિયા વિસ્તારમાં આવેલા પિરોટન ટાપુ પર ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા, અને જામનગર જિલ્લાના એસ.પી.પ્રેમસુખ ડેલુના સીધા માર્ગદર્શન હેઠળ ભારે પોલીસ પહેરા હેઠળ ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરી લેવામાં આવી હતી. જ્યાં તમામ પ્રકારના ધાર્મિક દબાણો દૂર કરીને સમગ્ર ટાપુને ખુલ્લો કરી દેવામાં આવ્યો હતો. હવે અહીં પ્રથમ વખત ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે.

પીરોટન ટાપુ પર સુરક્ષા એજન્સીઓ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે, આ ઉપરાંત આગામી તારીખ ૨૬ મી જાન્યુઆરીએ રાજ્ય સરકારની માર્ગદર્શન હેઠળ સૌપ્રથમ વખત ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાવા જઈ રહ્યો છે.

શહેર ડીવાયએસપી જે.એન.ઝાલાની રાવબરી હેઠળ બેડી મરિન પોલીસ સ્ટેશનના સ્ટાફ, એસ.ઓ.જી શાખા તથા અન્ય પોલીસ વિભાગની ટીમ, સાથો સાથ જામનગર સ્થિત કાર્યરત વાલસુરા-નેવી, કોસ્ટકાર્ડ સહિતની



સુરક્ષા એજન્સીઓના ૩૦ થી વધુ અધિકારીઓ અને જવાનોની ટીમ ૨૬મી જાન્યુઆરીએ પીરોટન ટાપુ પર પહોંચશે, અને ત્યાં ધ્વજવંદનનો કાર્યક્રમ પણ યોજાશે. જે અંગેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.સ્રસ્ર

ભારતના દરિયા કાંઠા ઉપર આવેલા અલગ અલગ ટાપુઓ, કે જ્યાં સુરક્ષાની દ્રષ્ટિએ ભારતની તમામ સુરક્ષા એજન્સીઓ એલર્ટ છે, અને સુરક્ષાના તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે, જેનો સંદેશો પહોંચાડવાના ભાગરૂપે રાજ્ય સરકારના સીધા માર્ગદર્શન હેઠળ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે.

# મધરાત્રે કઠુઆમાં આર્મી કેમ્પ પર આતંકી હુમલો :સેના દ્વારા સર્ચ ઓપરેશન યથાવત

## હુમલો કર્યા બાદ આતંકીઓ ભાગી ગયાઃ આતંકીઓની શોધખોળ માટે મોટા પાયે સર્ચ ઓપરેશન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જમ્મુ કાશ્મીરના કઠુઆમાં આતંકીઓએ ગોળીબાર કર્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. શનિવારે સેનાના જવાનો અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અધિકારીઓએ જણાવ્યું કે શરૂઆતમાં હુમલો કર્યા બાદ આતંકીઓ ભાગી ગયા હતા. આતંકીઓની શોધખોળ માટે મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું કે રાત્રિના એક વાગ્યે આતંકીઓએ ગોળીબાર કર્યો હતો. તેના જવાબમાં બંને પક્ષો વચ્ચે લગભગ અડધો કલાક સામસામે ગોળીબાર થયો હતો. જો કે હજુ સુધી કોઈ જાનહાનિની ઘટના સામે આવી નથી. આતંકીઓની સંખ્યા લગભગ ત્રણ હતી. તેઓ જંગલમાં ભાગી ગયા છે. સેનાના જવાનો દ્વારા તેમનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

શુક્રવારે સુરક્ષા દળોએ ધનુ પરોલ અને સચૈરના જંગલોમાં શંકાસ્પદ હિલચાલ બાદ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જંગલમાં ધુમ્મસના કારણે સર્ચ ઓપરેશનમાં અડચણ આવી રહી છે. વિસ્તારમાં એલર્ટ જારી છે. આ ઓપરેશનમાં સીઆરપીએફ, પોલીસ, એસઓજી અને સેનાના જવાનો પણ જોડાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે ગઈ કાલે પ્રજાસત્તાક દિવસ છે. ત્યારે ટટઈંડ મુવમેન્ટને



ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી રહી છે. એડીજીપી આનંદ જૈન અને પોલીસ અધિકારીઓએ જિલ્લાના સરહદી વિસ્તારો અને ચોકીઓની મુલાકાત લીધી હતી અને સુરક્ષા વ્યવસ્થા કડક કરવા સૂચનાઓ આપી હતી

# ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં પર્યટન સ્થળો અને ઉત્સવોમાં ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

ગુજરાતમાં વાયબ્રન્ટ નવરાત્રી, ધોરડો રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેત્તર મેળો, માધવપુર મેળો, કાંકરિયા કાર્નિવલ જેવા અનેક ઉત્સવો તેમજ સોમનાથ, દ્વારકા, અંબાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણીની વાવ, હેરીટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રેન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.સ્રસ્ર

જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.

આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ જેટલા તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ- નાગરિકોએ મુલાકાત લીધી છે.સ્રસ્ર

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં ફકત ત્રણ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં



ધોરડો ખાતે નરણોત્સવથની શરૂઆત કરાવી હતી જે આજે ગ્લોબલ ઈવેન્ટ બની ગઈ છે. એક સમયે જે રણની ઓળખ ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે રણોત્સવ ઉજવાય છે.

વડાપ્રધાનના વિઝનથી આજે કચ્છનું રણ વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે.

યુનાઈટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

# અમુલે દૂધના ભાવ ઘટાડીને પણ 'વધારી' દીધા

## ફકત ૧ લીટરના પાઉચના ભાવમાં રૂા.૧નો ઘટાડો : ૫૦૦ એમએલના ભાવ યથાવત : લાંબાગાળે નાના પેકેજ મળશે નહી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

જો તમો અમુલ દ્વારા દૂધના ભાવ ઘટાડાથી હરખાતા હો તો તમારે હવે દૂધ ખરીદવા વાસ્તવમાં વધુ પૈસા ખર્ચ કરવા પડશે. ગુજરાત કોપરેટીવ-મિલ્ક માર્કેટીંગ ફેડરેશન જે ગુજરાત સહિત દેશભરમાં નદૂધવાળાથ જેવું સ્ટેટસ ધરાવે છે.

તેણે ભવિષ્યમાં ૫૦૦ ગ્રામના પાઉચ જે હાલ મળે છે તેને તબકકાવાર દુર કરવા તૈયારી કરી છે અને તેની ગઈકાલે ત્રણ બ્રાન્ડના દૂધના ભાવમાં જે રૂા.૧ પ્રતિલીટર ઘટાડો કર્યો છે તે ફકત ૧ લીટરના




પેકીંગને જ લાગુ પડે છે. ૫૦૦ મીલીલીટરના પેકીંગના ભાવ યથાવત રાખ્યા છે.

ખુદ અમુલના એમડી- જયંત મહેતા સ્વીકારે છે કે, અમોએ ફકત ૧ લીટરના પાઉચના ભાવ ઘટાડયા છે અને અમારો ઈરાદો લોકો મોટા પેક ખરીદે તે છે. અમુલ ગોલ્ડ જે આ દૂધ પ્રોડકટની પ્રિમીયમ બ્રાન્ડ છે. તેના ૧ લીટરના ભાવ હવે રૂા.૬૫ થયા છે

જે અગાઉ રૂા.૬૬ હતા પણ ૫૦૦ મીલીલીટરના ભાવ રૂા.૩૩ જ રહેશે. આમ તાઝાના ભાવ રૂા.૫૪માંથી ૫૩ અને અમુલ ટી ના ભાવ રૂા.૬૨માંથી ૬૧ થશે.

# જામનગરમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી:કાલે બપોરે ૨.૧૫ વાગ્યે સૂર્યકિરણ ટીમનો ભવ્ય એર શો, ૯ વિમાનો કરતબ બતાવશે





**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી:કાલે બપોરે ૨.૧૫ વાગ્યે સૂર્યકિરણ ટીમનો ભવ્ય એર શો, ૯ વિમાનો કરતબ બતાવશે.પ્રજાસત્તાક પર્વની ઉજવણીને યાદગાર બનાવવા માટે જામનગરમાં ભારતીય વાયુસેનાની પ્રતિષ્ઠિત સૂર્યકિરણ એરોબેટિક ટીમ દ્વારા તા.૨૫ અને ૨૬ જાન્યુઆરીએ ભવ્ય એર શોનું આયોજન કરવામાં આવ્યું છે.૯ વિમાનો સાથે જામનગર પહોંચેલી સૂર્યકિરણ ટીમના પાયલોટ્સે સ્વામીનારાયણ ગુરુકુળના વિદ્યાર્થીઓ અને પત્રકારો સાથે સંવાદ કર્યો હતો, જેમાં તેમણે ટીમની કામગીરી અને એર શો વિશે વિસ્તૃત માહિતી આપી હતી.બપોરે ૨:૧૫ વાગ્યાથી શરૂ થનારા આ એર શો માટે જામનગર-ખંભાળિયા હાઈવે પર સ્વામીનારાયણ મંદિર પાસેના ખુલ્લા મેદાનમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.૧૯૯૬માં સ્થાપિત સૂર્યકિરણ ટીમ એશિયામાં એકમાત્ર ૯ વિમાનોની ટીમ તરીકેનું ગૌરવ ધરાવે છે.

આ ટીમ સ્ટ્રાઈકિંગ રેડ એન્ડ વ્હાઈટ હોક ખસ-૧૩૨ જેટ વિમાનોમાં લૂપ્સ, રોલ્સ, હેડ-ઓન ક્રોસ, બઝ અને ઈન્વર્ટેડ ફ્લાઈંગ જેવા અદભુત કરતબો બતાવશે. આ વિમાનો માત્ર ૫ મીટરના અંતરે ઉડાન ભરવાની ક્ષમતા ધરાવે છે, જે દર્શકોને રોમાંચિત કરી દેશે.

# માળીયા(મી)ના વીરવિદરકા ગામ નજીક ગેસ કટિંગના કૌભાંડનો પર્દાફાશ: ૫૬.૪૦ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ

## ક્રાઈમ બ્રાંચ પોલીસે ગેસ ટેન્કર સહિત બે વાહન કબ્જે કરી કુલ ચાર આરોપીઓ સામે ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસે માળીયા(મી) તાલુકાના વીરવિદરકા ગામ નજીક આવેલ હોટલના ગ્રાઉન્ડમાંથી ગેસ કટીંગનું કૌભાંડ પકડી પાડવામાં આવ્યું છે, જેમાં આરોપીઓ ગેસ ટેન્કરમાંથી ગેસનું કટીંગ કરી સિલિન્ડર ભરવાની ગેરકાયદેસરની પ્રવૃત્તિ કરતા હોવાની પૂર્વ બાતમીને આધારે ક્રાઈમ બ્રાંચ ટીમે દરોડો પાડી સ્થળ ઉપરથી ગેસ ભરેલ ટેન્કર, બોલેરો પિકઅપ સિલિન્ડર સહિત કુલ ૫૬.૪૦ લાખના મુદ્દામાલ સાથે પરપ્રાંતિય એક શખ્સને દબોચી લેવામાં આવ્યો છે, આ સાથે ટેન્કર ચાલક તથા બોલેરો ચાલક સહિત ત્રણને ફરાર દર્શાવ્યા છે. હાલ પકડાયેલ એક તથા ફરાર ત્રણ તેમજ તપાસમાં ખુલ્લે તે તમામ આરોપીઓ સામે માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાવી મોરબી ક્રાઈમ બ્રાંચ પોલીસ ટીમે આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જાણવા મળતી માહિતી અનુસાર, મોરબી એલ.સી.બી./ પેરોલ ફર્લો સ્કવોડ ટીમને ખાનગી હકિકત મળેલ કે માળીયા તાલુકાના વિર વિદરકા ગામના પાટીયા પાસે આવેલ પરંપરા હોટલના ગ્રાઉન્ડમાં અમુક ઈસમો દ્વારા ટેન્કરમાંથી ગેસનું કટીંગ કરી ગેસનો જથ્થો ગેસના સીલેન્ડરમાં ગેરકાયદેસર ભરી તે કાળાબજારમાં વેચવાની પ્રવૃતિ કરતા હોય જેથી તુરંત ઉપરોક્ત સ્થળે રેઈડ કરી આરોપી સાજન સરીફખાન પઠાણ ઉવ.૨૧ રહે.હાલ પરંપરા હોટલ વિરવિદરકા ગામ તા.માળીયા(મિ) મુળ રહે.ચૌની પોસ્ટ પરભેલી જી.કટીહાર (યુ.પી)વાળાની અટકાયત કરવામાં આવી હતી. જ્યારે દરોડા દરમિયાન પોલીસે સ્થળ ઉપરથી ગેસ ભરેલ ટેન્કર નં. જીજે-૧૨-એયુ-૬૭૭૧ ગેસના જથ્થા સહિતની કૂલ કિં.રૂ.૫૧,૦૨,૧૯૬/-, ગેસ ભરેલા સીલેન્ડર નંગ-૧૨ બાટલા સહીત કિ.રૂ.૨૯,૨૮૦/- બોલેરો ગાડી નં. જીજે-૧૬- ઝેડ-૩૨૩૦ કિ.રૂ. કિં.રૂ.૫,૦૦,૦૦૦, ગેસના ખાલી સીલેન્ડર નંગ-૮ કિ.રૂ.૪૦૦૦/-, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ-૦૧ કિં.રૂ.૫,૦૦૦/- તથા ઈલેકટ્રોનીક વજનકાંટો સહિત અન્ય સાધનો મળી રૂ.૫૬,૪૦,૧૦૬/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પકડાયેલ આરોપી સાથે ટેન્કરનો ચાલક, મહીંદ્રા બોલેરો પીકઅપનો ચાલક તથા તેની સાથે અન્ય એક એમ કુલ ચાર આરોપીઓ સામે માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની તપાસ કરી છે.

# સ્વ.મહિપતસિંહ ભાવુભા જાડેજાની દ્વિતિય પૂણ્યતિથિએ ૧ ફેબ્રુઆરીએ રીબડા ખાતે મહારક્તદાન કેમ્પનું ભવ્ય આયોજન

## રકતદાતા એક વખત રક્તદાન કરીને ત્રણ જીવનદાન આપી શકે છે, આ એક એવું દાન છે કે દાન આપનાર ને અભિમાન નથી થતું અને સ્વીકારનારને તેનો સંકોચ નથી થતો : રાજદિપસિંહ જાડેજા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ગોંડલના પૂર્વ ધારાસભ્ય સ્વ.મહિપતસિંહ ભાવુભા જાડેજાની દ્વિતિય પુણ્યતિથિ નિમિત્તે છઅછ ફાઉન્ડેશન રીબડા, દ્વારા થેલેસેમિયા પીડિત અને ગંભીર બીમારીથી પીડાતા દર્દીઓ માટે ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના શનિવારે રીબડા ખાતે શ્રી મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ મહા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જીવનની અંતિમ ક્ષણ સુધી લોકસેવાને વરેલા સ્વ.મહિપતસિંહ જાડેજાનની સેવાકીય પ્રવૃત્તિ જેમને ગળથૂથીમાં મળી છે તે રાજદીપસિંહ જાડેજા(પૌત્ર) દાદાએ પ્રગટાવેલી માનવ સેવાની જ્યોત પ્રજ્વલિત રાખી નાની ઉંમરમાં જ સેવા કાર્યો કરી રહ્યા છે, રાજદિપસિંહ જાડેજાએ પ્રેસ કોન્ફરન્સમાં મહા રક્તદાન કેમ્પ વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ક્તદાનને મહાદાન એટલા માટે કહે છે કે રક્તદાતા એક વખત રક્તદાન કરીને ત્રણ જીવનદાન આપી શકે છે. આ એક એવું દાન છે કે દાન આપનારને અભિમાન નથી થતું અને સ્વીકારનારને તેનો સંકોચ નથી થતો. રક્ક્ત એ એવી જીવનરક્ષક દવા છે જે કોઈ ફેક્ટરી માં નથી બનતું, પરંતુ માનવ શરીર જ એની ફેક્ટરી છે, રક્તની જરૂરિયાત અને પુરવઠા વચ્ચે મોટો તફાવત રહેતો હોવાથી રક્તની સતત આછત વર્તાતી હોય છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઠઇંઘ)ના ડેટા અનુસાર, દર વર્ષે ફક્ત ભારતમાં જ






(તસ્વીર: આનંદ જાવિયા)

દર્દીઓને ૫ કરોડ યુનિટ રક્તની જરૂર પડે છે, એની સામે ફક્તને ફક્ત ૨૫ મિલિયન યુનિટ જ બ્લડ આપણી પાસે હોય છે. દેશમાં દર બે રોકન્ડે કોઈ ને કોઈને લોહીની જરૂર પડે છે, તેથી દરરોજ ૩૮ હજારથી વધુ લોકોને રક્તદાનની જરૂર પડે છે. રક્તદાનની સ્થિતિ ગંભીર હોવા પા-છળનું સૌથી મોટું કારણ લોકોમાં રક્તદાનની જાગૃતિનો અભાવ છે. લોકો નથી જાણતા કે રક્તદાન કરવાથી રક્તદાતાના સ્વાસ્થ્ય લાભ પણ અનેક લાભ મળે છે, અંતમાં રાજદિપસિંહ જાડેજાએ કહ્યું હતું હતું કે, સ્વ. દાદા મહિપતસિંહ જાડેજાની પ્રથમ પુણ્યતિથિમાં તદાન માટે એટલો ઉત્સાહ જોવા મળ્યો હતો કે રક્તદાતાઓએ ક્લાકો સુધી લાઈનમાં ઉભા રહીને રક્તદાન કર્યુ હતું. તેમજ ૫ હજાર લોકોએ દેહદાનનો સંકલ્પ લીધો હતો. સ્વ.ની બીજી પુણ્યતિથિ નિમિત્તે યોજાનાર રક્તદાન કેમ્પમાં રક્તદાન માટે અસંખ્ય રક્તદાતોએ રજીસ્ટેશન માટે સંપર્ક કરી રહ્યા છે, આ વર્ષે ગત વર્ષ કરતા પણ વધુ યુનિટ એકત્ર કરી બ્લડ બેંકને અર્પણ કરાશે તેવો આશાવાદ વ્યક્ત કરી રક્તદાતાઓએ રક્તદાન કેમ્પમાં ઉમટી પડવા આપીલ કરી છે.

# મોરબીમાં માનસિક અસ્થિર સગીરાને વાસનાનો ભોગ બનાવનાર નરાધમને આજીવન કેદની સજા

## મોરબી પોકસો અદાલત દ્વારા આરોપીને જીંદગીના અંતિમ શ્વાસ સુધીની સજા તેમજ રૂ.૮૫,૦૦૦/- દંડની સજાનો હુકમ



મોરબી વિશેષ પોકસો કોર્ટ દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે જેમાં મોરબી તાલુકાના ગ્રામ્યમાં દુકાને વસ્તુ લેવા આવેલ માનસિક અસ્થિર સગીર વયની દીકરીનો બે વખત દેહ અભડાવી ગર્ભ રાખી દેનાર નરાધમ આરોપીને આજીવન કારાવાસની સજા અને દંડ ફાટકારતો ચુકાદો આપવામાં આવ્યો છે, આ સાથે ભોગ બનનારને વળતર યોજના હેઠળ ૪ લાખ તથા આરોપીને ફાટકારેલ દંડની રકમ બંને આપવા સહિતનો આદેશ કરવામાં આવ્યો છે. કેસની ટુક વિગત મુજબ, વર્ષ ૨૦૨૨માં મોરબી તાલુકાના ગ્રામ્યમાં ૧૫ વર્ષીય માનસિક અસ્થિર સગીરા વસ્તુ લેવા નરાધમ આરોપીની દુકાને ગયી હોય ત્યારે નરાધમ દુકાનદાર આરોપી સુરેશભાઈ ભગવાનજીભાઈ જાલરીયા ઉવ.૪૨ રહે.લૂંટાવદર ગામ તા.મોરબીવાળાએ સગીરાને દુકાનમાં લઈ જઈ બે વખત પોતાની વાસનાનો શિકાર બનાવી ગર્ભ રાખી દીધો હોય જે મુજબની ભોગ બનનારની માતાની ફરિયાદને આધારે નરાધમ આરોપીની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હોય. જે કેસ અત્રેની વિશેષ પોકસો ગરતમાં ચાલી જતા તપાસનીશ પોલીસ અધિકારીના લેખિક મૌખિક પુરાવા, તબીબી પુરાવા તેમજ સરકારી વકીલ નીરજ કારિયાની કાયદાકીય દલીલોને ધ્યાને લઈ વિશેષ પોકસો અદાલત નામદાર ન્યાયાધીશ દ્વારા નરાધમ આરોપીને તકસીરવાન ઠેરવી આરોપીના કુદરતી મૃત્યુ સુધીની સખત કેદની સજા તેમજ રૂ. ૮૫ હજારનો દંડ ફાટકારતો આદેશ કર્યો છે, આ સિવાય ભોગ બનનારને રાજ્ય સરકારની વળતર યોજના હેઠળ રૂ.૪ લાખ અને આરોપીને કરવામાં આવેલ દંડની રકમ તાત્કાલિક આપવાનો હુકમ કરતો ચુકાદો આપવાના આવેલ છે.

# જામનગરમાં ભૂમાફિયા જયેશ પટેલના ભાઈ ધર્મેશ રાણપરીયાની ધરપકડ



જામનગર પોલીસે ભૂમાફિયા જયેશ પટેલના ભાઈ ધર્મેશ રાણપરિયાની ધરપકડ કરી છે. મયુર ટાઉનશીપ વિસ્તારમાં લેન્ડ ગ્રેબિંગના કેસમાં તેમની વિરુદ્ધ નવી ફરિયાદ નોંધાઈ હતી.રણજીતસાગર રોડ પર આવેલી એક સોસાયટીના કોમન પ્લોટમાં આરોપીએ ગેરકાયદે દબાણ કરી પાંચ કરોડથી વધુની કિંમતની જમીન પચાવી પાડી હતી. આ જમીન પર તેણે ઓફિસ, સંડાસ-બાથરૂમ અને શેડનું બાંધકામ કર્યું હતું. સોસાયટીના રહેવાસી જગદીશભાઈ રામોલિયાની ફરિયાદના આધારે જિલ્લા કલેક્ટરે તપાસ બાદ પોલીસ ફરિયાદ નોંધવા સૂચના આપી હતી. તપાસમાં બહાર આવ્યું કે આરોપીએ કોમન પ્લોટની ફરતે સાત ફટ ઊંચી દીવાલ બનાવી, બે મોટા શેડ ઊભા કર્યા હતા. વધુમાં, એક વૈભવી ઓફિસ રૂમ બનાવ્યો હતો જેમાં ઝંટ, અઈ સહિતના ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને અત્યાધુનિક બાથરૂમની સુવિધા ઉભી કરી હતી.ઉઢ્ઢજી જયવીરસિંહ ઝાલાના સુપરવિઝન હેઠળ તપાસ ચાલી રહી છે. ધર્મેશ રાણપરિયા સામે અગાઉ પંચકોશી બી.ડિવિઝન પોલીસ મથકમાં ધાકધમકી આપી કારખાનેદારની મશીનરી વેચી નાખવાનો કેસ પણ નોંધાયેલો છે. આ ઉપરાંત એક્સટોર્શન અને નાણાધિરાણ અધિનિયમ સહિતના અનેક ગુના તેમના નામે નોંધાયેલા છે. જયારે આસપાસના વિસ્તારમાં આવનારા લોકોની તમામ જાણકારી મળી રહે તે માટે એકી સાથે આઠથી દસ સીસીટીવી કેમેરાઓ પણ લગાડેલા હોવાનું ધ્યાનમાં આવ્યું છે. આ કોમન પ્લોટ માં દબાણ કર્યા પછી પોતાના જ ઘરમાંથી ગેરકાયદે રીતે વીજ પુરવઠો પણ મેળવી લીધો છે, અને તેના દ્વારા તમામ ઈલેક્ટ્રીક ઉપકરણ ચલાવવામાં આવી રહ્યા હોવાનું પોલીસને ધ્યાનમાં આવ્યું હતું. જે સમગ્ર મામલામાં પોલીસ ફર તપાસ ચલાવવામાં આવી રહી છે.

# હળવદના મયુરનગર ગામે વાડીના ગોડાઉનમાંથી વિદેશી દારૂ-બિયરનો જંગી જથ્થો ઝડપી લેતી ક્રાઈમ બ્રાંચ

## હળવદમાં એલસીબીની મોટી કાર્યવાહી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચ ટીમે પૂર્વ બાતમીને આધારે હળવદ તાલુકાના મયુરનગર ગામની સીમમાં આવેલ વાડીના ગોડાઉનમાં રેઈડ કરીને ઈંગ્લીશ દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૯૩૮ તથા બીયર ટીન નંગ-૨૬૪ મળી કુલ કિ.રૂ.૭.૯૧ લાખનો મુદામાલ ઝડપી લેવામાં આવ્યો છે, જો કે દરોડા દરમિયાન આરોપી વાડી-માલીક સ્થળ ઉપર હાજર મળી આવેલ ન હોય જેથી તેની વિરુદ્ધ ગુનો દાખલ કરાવી તેને પકડી લેવા શોધખોળ શરૂ કરી છે.



મોરબી એલસીબી પોલીસ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે, હળવદ તાલુકાના મયુરનગર ગામે રહેતા ભાનુભાઈ ડાંગર મયુરનગર ગામની સીમમાં આવેલ પોતાની વાડીના ગોડાઉનમાં ઈગ્લીશ દારૂ / બીયરનો જથ્થો રાખેલ છે અને તેનુ વેચાણ કરે છે. તેવી ચોકકસ હકિકત આધારે ક્રાઈમ બ્રાંચ ટીમ દ્વારા રેઈડ કરતા ગોડાઉનમાંથી ઈગ્લીશ દારૂની જુદી જુદી બ્રાન્ડની ૯૩૮ નંગ બોટલ તેમજ બિયરના ૨૬૪ ટીન કુલ કિ.રૂ. ૭,૯૧,૪૪૬/-નો મુદ્દામાલ મળી આવ્યો હતો. એલસીબીના દરોડા દરમિયાન આરોપી વાડી-માલીક હાજર નહીં મળી આવતા તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

# ચામુંડામાં ડુંગર તળેટીમાં તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી : દાદાનું બુલડોઝર ચોટીલામાં



(અહેવાલ : મોહસીનખાન ડી. પઠાણ) સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ યાત્રાધામ અને પ્રવેશદ્વાર સમાન ચોટીલામાં આજ રોજ ચોટીલા પ્રાંત અધિકારી દ્વારા નેશનલ હાઈવે થી શ્રી ચામુંડા માતાજી ડુંગર તળેટી તરફ જવાના રોડને નડતર રૂપ 300 થી વધુ દુકાનદારોને પોતાની દુકાન આગળ કરેલા દબાણ હટાવવા બાબતની નોટીસ આપવામાં આવી હતી. જેને અનુલક્ષીને ચોટીલા પ્રાંત અધિકારી, સર્કલ ઓફિસર, તલાટી અને પોલીસ પ્રોટેક્શન સાથે બપોરે 3 વાગ્યાથી ડુંગર તળેટીમાં ડીમોલેશન કરવામાં આવ્યું હતું. જેમાં સાંજે ૭ વાગ્યા સુધીમાં ડુંગર પગથિયાંથી હાઈવે રોડ સુધીમાં રોડ ને નડતરરૂપ દબાણો દૂર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ચોટીલામાં દિવસે દિવસે યાત્રાધામનો વિકાસ થઈ રહ્યો છે અને યાત્રાળુઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધી રહી છે જેના કારણે રવિવાર, તહેવાર અને દર મહિને પૂનમના દિવસે પ્રવાસીઓ અને માઈ ભક્તોને ટ્રાફિકની સમસ્યાને સામનો કરવો પડે છે જે બાબતને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા આ દબાણ હટાવ કામગીરી કરી હોવાનું મનાઈ રહ્યું છે.

# જેતપુરના બોરડી સમઢીયાળા ગામ નજીક રાત્રિના રોડ પર સિંહના આંટાફેરા


જેતપુરમાં ગ્રામ્ય પંથકમાં અવારનવાર સિંહ દેખા દેતા હોય છે. એવામા જેતપુરનાં બોરડી સમઢીયા ગામ નજીક રાત્રિના સમયે રોડ પર બે સિંહ લટાર મારવા નીકળ્યા હતા જેનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા ગામ નજીક સિંહોના આંટાફેરા જોવા મળ્યા – હતા. રાત્રિના સમય દરમિયાન ર સિંહો બચ્ચા સાથે રોડ ઉપર વિહાર કરતા કાર ચાલકે ફોન કેમેરામાં કેદ કર્યા હતા. સિંહ પરિવારનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. જેતપુર પંથકમાં ઘણા સમયથી સિંહોના આંટાફેરા જોવા મળે છે જેથી વન વિભાગ દ્વારા સિંહો ઉપર નજર રાખવામાં આવી રહી છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સિંહના આટા ફેરા હવે વધવા લાગ્યા છે. શિકારની શોધમાં જંગલ વિસ્તાર છોડી રેવન્યુ વિસ્તારમાં આવી પહોંચ્યા છે.ત્યારે જેતપુર તાલુકાના બોરડી સમઢીયા ગામ નજીક મોડી રાત્રે સિંહ પરિવાર રોડ આવી પહોંચ્યો જોકે રોડ પર વાહન ચાલકોની અવરજવર રહેતી હોવાની સિંહે પશુઓનું મારણ કર્યું ન હતું. આ સમગ્ર ઘટનાનો રોડ.પરથી પસાર થતા ફોર વ્હીલ ચાલકે ફોનના કેમેરામાં વિડિયો કેદ કર્યો હતો અને હાલ આ વિડીયો જેતપુર તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં વાયરલ થયો છે. તેમજ વન વિભાગ સિંહ પરિવાર પર નજર રાખવામાં આવી રહી છે.

# ચોટીલાના ઠાંગા વિસ્તારમાં જળ ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા ૫૧ તળાવનો સંકલ્પ

**મુખ્ય સમાચાર, ચોટીલા**

(અહેવાલ : મોહસીનખાન ડી. પઠાણ)

ચોટીલાના ઠાંગા પંથકમાં આવેલ વિડ વિસ્તાર અને વાડી વિસ્તારના જળ સંકટ ને ધ્યાનમાં રાખીને જળ ક્રાંતિ ટ્રસ્ટ દ્વારા ૫૧ તળાવ બનાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે જે અંતર્ગત ગુંદા, આંકડિયા, ફુલઝર અને આસ પાસના ૧૮ ગામોમાં તળાવનું નિર્માણ કાર્ય પૂરું થઈ ગયું છે અને બીજા રાજપરા, ભોજપરી, ભોજપરા, મહિદડ અને જીવાપર સહિત આસ પાસ ના ૧૫ ગામોમાં ૫૧ તળાવ બનાવવાનું કામગીરી ચાલુ છે જે પૂર્ણ થતા આ બધા ગામો આસપાસના વાડી ખેતરો અને વીડ વિસ્તારની જળ સમસ્યાનું નિવારણ આવશે અને ગૌચરમાં ચરતા ગાયો, ભેંસો, ઘેંટા, બકરા સહિતના વન્યજીવોને પણ પાણી મળશે એટલે કે જળ ક્રાંતિ ટ્રસ્ટના




આ કાર્યથી ખેડૂતોને ખેતી માટે પાણી, ગૌ રક્ષા, સકળ જીવ સૃષ્ટિનું રક્ષાનું પરમ ઈશ્વરીય કાર્ય છે. આ તમામ બાબતની માહિતી આસ પાસના ગામોમાંથી આવેલા ખેડૂતોને જળ ક્રાંતિ ટ્રસ્ટના મનસુખભાઈ સુવાગિયાએ માહિગાર કર્યા હતા.

# મોરબીમાં બોલેરોમાં કતલખાને લઈ જવાતા બે પશુઓને બચાવી લેતા ગૌરક્ષકો

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના વિવિધ ગૌરક્ષક સંગઠનના ગૌરક્ષકો દ્વારા બોલેરોમાં બે ભેંસને કતલખાને લઈ જનાર આરોપીને વાવડી ચોકડી ખાતેથી પકડી લઈ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં સોંપવામાં આવ્યા છે જ્યારે બંને ભેંસને મોરબી પાંજરાપોળ ખાતે મુકવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અખિલ વિશ્વ ગૌસ્વામી પરિષદ-દિલ્હીના કમલેશભાઈ બોરીચાને મળેલી માહિતીના આધારે ગૌરક્ષક ટીમે મહત્વપૂર્ણ કામગીરી કરી હતી. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અને હિન્દુ યુવા વાહિનીના કાર્યકર્તાઓ દ્વારા વાવડી ચોકડી પાસે ગૌરક્ષકોની ટીમે વોચ રાખી બોલેરો પીક-અપ રજી.નં. જીજે-૩૬-વી-૭૯૪૦ને રોકાવીને ચકાસણી કરી હતી. ચકાસણીમાં ગાડીમાં ૨ ભેંસ મળી આવી હતી, જેને કતલખાને લઈ જવામાં આવી રહી હતી. આ મામલે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બોલેરો ચાલક આરોપી ભાવેશ રમેશભાઈ સીંધવ તથા આરોપી મેહુલ સંજયભાઈ સીંધવ બન્નેરહે.મોરબી શનાળા રોડ ભક્તિનગર સર્કલ પાસે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી અને બંને ભેંસને બચાવીને પાંજરાપોળમાં સોંપવામાં આવી હતી.





આ કામગીરીમાં કમલેશભાઈ બોરીચા, ચેતનભાઈ પાટડીયા, વૈભવભાઈ પટેલ, મનીષભાઈ કનજારિયા, પાર્થભાઈ નેસડિયા, વિશાલભાઈ ગાંગાણી, મિત ગોહિલ, લાલાભાઈ, યસ વાઘેલા, હિતરાજસિંહ, જે.કી.ભાઈ આહીર અને નિલેશભાઈ ડાંગર સહિતના ગૌસેવકોનો મહત્વનો ફાળો રહ્યો હતો.

# થાનમાં કુટુંબ નિયોજનના ઓપરેશન સમયે મહિલાનું મોત: તબીબી બેદરકારીનો આક્ષેપ



થાનગઢમાં રહેતી ૨૬ વર્ષિય પરિણીતાનું થાનના સરકારી દવાખાનામાં કુટુંબી નિયોજનનું ઓપરેશન કરાવતી સમયે બેભાન થઈ જતાં મોત થતાં પરિવારમાં અને ગ્રામજનોમાં અરેરાટી સાથે રોષ વ્યાપી ગયો હતો. ડોક્ટરે ઓપરેશન માટે પેટ પાસે કાપો મુક્યો હતો એ પછી તેણીનું મોત થઈ ગયું હતું. ડોક્ટરની બેદરકારીને કારણે આમ થયાનો આક્ષેપ થતાં મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે રાજકોટ ખસેડાયો છે. આ બનાવને પગલે થાન સરકારી દવાખાને મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતાં કરનાર ઓપરેશન ધ્રાંગધ્રાના ડોક્ટર ભાગી ગયા હતાં. બનાવને પગલે પોલીસ દોડી ગઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ થાન મફતિયાપરા આંબેડકર નગર-પમાં રહેતાં કંચનબેન બાબુભાઈ પરમાર (ઉ.વ.૨૮) નામના પરિણીતાને ગઈકાલે થાનના સરકારી દવાખાનામાં કુટુંબ નિયોજનના ઓપરેશન માટે સવારે લઈ જવાઈ હતી. ગઈકાલે ગામના સરકારી દવાખાનામાં આ અંગેનો કેમ્પ હોઈ તેમાં ગામના બીજા સત્તર મહિલાઓ પણ સામેલ થયા હતાં. સાંજે કંચનબેનને ઓપરેશન માટે લઈ જવાયા બાદ થોડી વાર પછી તે મૃત્યુ પામ્યાનું જાહેર કરતાં પરિવારજનો અને બીજા લોકો ચોંકી ગયા હતાં. પરિવારજનોએ મૃતદેહ જોતાં કંચનબેનના પેટ નીચેના ભાગે ઓપરેશન માટેનો કાપો જોવા મળ્યો હતો. જો કે તેમનું મોત કઈ રીતે થયું? તે અંગે ડોક્ટર કે બીજા સ્ટાફે ખુલાસો ન કરતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. ડોક્ટરની બેદરકારીથી મોત થયાનો આક્ષેપ મૃતકના પરિવારજનોએ કરતાં મોટી સંખ્યામાં સગા સંબંધીઓ, ગામના આગેવાનો પણ હોસ્પિટલે ઉમટી પડતાં ધ્રાંગધ્રાથી ઓપરેશન કરવા માટે બોલાવાયેલા ડોક્ટર ભાગી ગયા હતાં. પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. કંચનબેનના પરિવારજનોએ આ બનાવમાં તાકીદે જવાબદારો સામે ગુનો નોંધવાની માંગણી કરી ફોરેન્સિક પોસ્ટમોર્ટમની માંગ કરવામાં આવતા રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે મહિલાની લાશ ને ખસેડવામાં આવી હતી

# કાલાવડ રોડ પરના જોખમી ગેમ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે આજથી કોંગ્રેસ મેદાનમાં

## કોંગ્રેસની જુદી જુદી ટીમો વિસ્તારમાં ફરી વળી લોકો, વેપારીઓ, રાહદારીઓના ગેમ ઝોન અંગે અભિપ્રાયો નકારાત્મક

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિની યાદી મુજબ કાલાવડ રોડ પર બ્રિજ નીચે જોખમી ગેમ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર સુપ્રત કર્યા બાદ આ અંગે કોઈ જાતનો પ્રત્યુતર ન મળતા આજરોજ રાજકોટના કાલાવડ રોડ ઉપર ગેમ ઝોનની પાસે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સવારથી જ લોકોના, વેપારીઓના, વિદ્યાર્થીઓના અવરજવર કરતા શહેરીજનોના બ્રિજ નીચેના ગેમ ઝોન સાકાર થવો જોઈએ કે નહીં તે અંગેના અભિપ્રાયો મેળવવામાં આવેલ હતા તેમાંથી ૯૮ ટકા લોકો ગેમ ઝોન બ્રિજ નીચેની બદલે અન્ય સ્થળે બને તે જરૂરી છે અને બ્રિજ નીચે અને અહીંયા ટ્રાફિકની સમસ્યા થાય તેમ હોવાને પગલે નકારાત્મક રિપોર્ટ આપેલ છે. મ્યુનિસિપલ કમિશનર સાઈટ વિઝીટ કરી લોકોના વેપારીઓના અને આજુબાજુના રહેવાસીઓના અભિપ્રાયો મેળવી અને ગેમ ઝોનનો પ્રોજેક્ટ રદ કરે.

આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગેમ ઝોન નો પ્રોજેક્ટ રદ કરવા અંગે આંદોલનના શ્રી ગણેશ કરતા જુદી જુદી ટીમો બનાવી સમગ્ર વિસ્તારમાં અને વેપારીઓ પાસે વિદ્યાર્થીઓ અને સ્થાનિક રહેવાસીઓ પાસે અભિપ્રાય અંગેના ફોર્મ ભરાવી કલેક્શન કરેલ હતું. અને રાજકોટના કોઈપણ નગરજનો પોતાનો અભિપ્રાય આ ગેમ ઝોન અંગે આપવા માગતા હોય તો રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સાથે રહેલ ફોર્મ ભરી અને હેલ્પલાઈન નંબર ૮૩૨૦૪ ૧૩૪૪૮ પર પણ પોતાનો અભિપ્રાય કોંગ્રેસ સમિતિને મોકલી આપી શકે છે. લોકોના કહેવા મુજબ પ્રોજેક્ટ અંગે શાસકોએ બ્રિજ નીચે ગેમ ઝોનનો પ્રોજેક્ટ બનાવી બુદ્ધિનું દેવાળું ફૂંક્યું છે. અને સ્થાનિક રહેવાસીઓમાં પણ ભારે આક્રોશ છે. લોકોની નારાજગી હોવા છતાં શાસકોના લાભાર્થે જ્યારે ગેમ ઝોન બની રહ્યો છે. તે પ્રોજેક્ટ રદ કરવા અંગે તબક્કા વાર કાર્યક્રમો રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવશે અને તારીખ ૨૯/૧ ને બુધવારે સવારે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સ્થાનિક રહેવાસીઓ અને તેના વેપારીઓ અને શહેર કોંગ્રેસ સમિતિના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં જોડાશે. પ્રોજેક્ટ રદ કરવા અંગે શાસકો વિરુદ્ધ ભારે સૂત્રોચાર કરવામાં આવેલ હતા.

આજના કાર્યક્રમમાં રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી ની આગેવાની હેઠળ, વશરામભાઈ સાગઠીયા, મહેશભાઈ રાજપુત, ડોક્ટર હેમાંગ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, નરેન્દ્રભાઈ સોલંકી, ધરમભાઈ કાબલિયા, અશોકસિંહ વાઘેલા, મેઘજીભાઈ રાઠોડ, દીપ્તિબેન સોલંકી, નયનાબા જાડેજા, રવજીભાઈ ખીમસુરીયા, ગોપાલભાઈ અનડકટ, વશરામભાઈ ચાંડપા, ગોવિંદભાઈ સભાયા, જલ્પેશ વાઘેલા, સલીમભાઈ કારિયાણી, હેમલ પેશીવાડીયા, પ્રભાતભાઈ ડાંગર, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત રાવલ, જીતુભાઈ ઠાકર, રસિકભાઈ ભટ્ટ, હિંમતભાઈ મયાત્રા, જગદીશભાઈ ડોડીયા, અશોકભાઈ વાળા, હીરાલાલ પરમાર, જયંતીભાઈ હિરપરા, રણજીત મુંધવા, પ્રવીણભાઈ દેસાઈ, અમિતભાઈ ઠાકર, દેવેન્દ્રસિંહ રાણા, ગોપાલભાઈ મોરવાડિયા, પાસવાનજી, બીપીન ભાઈ રાઠોડ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો અને કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.



(તસ્વીરઃ આનંદ જાવિયા)

# ઊના અહેમદપુર માંડવી ખાતે 3 દિવસ બીચ ફેસ્ટીવલનું આયોજન

મુખ્યસમાચાર :- ઊના
અબ્દુલ પઠાણ

ગીર સોમનાથના પ્રવાસન ક્ષેત્રમાં નવો વળાંક આવી રહ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા અહેમદપુર માંડવી બીચ ખાતે પ્રથમવાર ત્રિદિવસીય બીચ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૪ જાન્યુઆરીથી શરૂ થનાર આ ફેસ્ટિવલમાં પ્રવાસીઓ માટે લાઈવ કોન્સર્ટ, લેઝર શો અને આતશબાજી સહિતના રંગારંગ કાર્યક્રમો યોજાશે જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાના જણાવ્યા અનુસાર, સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલા આ બીચને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાનો આ એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. ફેસ્ટિવલમાં સ્થાનિક ખારવા સમાજની સંસ્કૃતિને ઉજાગર કરવા માટે બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડનું પણ આયોજન



કરવામાં આવ્યું છેજયારે આ કાર્યક્રમને વધુ ઉજાગર કરવા શ્રી ધર્મેન્દ્ર ગીરી બાલુગીરી ગોસ્વામી થતા નાલીયા માંડવી ગામ ના સરપંચ પ્રતીની રફીક ભાઈ સુમરા દ્વારા એક ખાસ ઝુંબેશ હાથ ધરી હતી ત્યારે આ ઉપરાંત પ્રવાસીઓ માટે ફૂડઝોન પણ ઉભો કરવામાં આવશે ત્રણ દિવસ દરમ્યાન અનેક કાર્યક્રમો યોજાશે.

# શહેર કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી પૂર્વે ચૌધરી હાઈસ્કૂલ ખાતે રિહર્સલઃ ધ્વજવંદન, પરેડથી લઈને સાંસ્કૃતિક કૃતિઓ રજૂ







(તસ્વીરઃ આનંદ જાવિયા)


રાજકોટ શહેર–જિલ્લામાં ૭૬મા પ્રજાસત્તાક પર્વની દેશભક્તિપૂર્ણ માહોલમાં ઉજવણી કરવા જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીના નિર્દેશમાં વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. રાજકોટ શહેર કક્ષાના પ્રજાસત્તાક પર્વની ચૌધરી હાઈસ્કૂલ ખાતે થનારી ઉજવણી પૂર્વે આજે સવારે સમગ્ર કાર્યક્રમનું રિહર્સલ કરવામાં આવ્યું હતું. શહેર પ્રાંત–૧ અધિકારી શ્રી ચાંદની પરમારની અધ્યક્ષતામોં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. સવારે ૯ કલાકે રિહર્સલનો પ્રારંભ થયો હતો. સૌથી પહેલા ધ્વજવંદન–રાષ્ટ્રગાન થયું. બાદમાં અધિકારીએ પરેડ નિરિક્ષણ કર્યું હતું. એ પછી પોલીસ, હોમગાર્ડ્સ તથા એન.સી.સી.ની ગર્લ્સ બટાલિયનની પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી.

આ તકે વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા યોગ તેમજ સાંસ્કળતિક નળત્ય કળતિઓ રજૂ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વળક્ષારોપણનું રિહર્સલ થયું હતું. શહેર પ્રાંત–૧ અધિકારી શ્રી ચાંદની પરમારે સમગ્ર રિહર્સલનું ઝીણવટપૂર્વક નિરિક્ષણ કર્યું હતું. બાદમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગૌરવપૂર્ણ માહોલમાં યોજાય તે માટે વિવિધ વિભાગો–ટીમને જરૂરી સૂચનાઓ આપી હતીસ્ત્રસ્ત્ર

# જામકંડોરણામાં રવિવારે યોજાશે પ્રેમનું પાનેતર ૫૧૧ દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

## આજે રાસોત્સવ કેન્દ્રીયમંત્રી ડો. મનસુખ માંડવીયા, સી.આર.પાટીલ, પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે તૈયારીઓને આખરીઓપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

જામકંડોરણા ખાતે ખેડુત નેતા સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાની સ્મૃતિમાં ધારાસભ્ય જયેશ રાદડીયાની રાહબર હેઠળ આગામી તા.૨૬મી જાન્યુઆરીને રવિવારના નપ્રેમનું પાનેતરથ ૫૧૧ દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવેલ છે. જેમાં લાખો લોકો હાજર રહી નવ દંપતિઓને શુભ આશીષ આપશે.

ભાજપના યુવા નેતા જયેશભાઈ રાદડિયા દ્વારા આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ ૫૧૧ દિકરીઓના ભવ્ય સમુહ લગ્નોત્સવ નપ્રેમનું પાનેતરથનું વિશાળ આયોજન કરાવમાં આવ્યું છે.

ખેડુત નેતા શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાની પૂણ્યસ્મૃતિમાં યોજાનાર આ ૯માં શાહી સમુહ લગ્નોત્સવમાં આ વર્ષે પણ હવેલી જેવો વિશાળ અને ભવ્યાતિભવ્ય સેટ ઉભો કરવામાં આવ્યો છે. ૫૧૧ લગ્ન મંડપો, તથા રોમન અને ટ્રેડિશનલ થીમના સ્ટેજ પ્રોગ્રામ માટે ૭૫ વિઘા જમીનમાં તેમજ પાર્કિંગ, જમણવાર સહિતની વ્યવસ્થા માટે ૧૨૫ વિઘા જમીનમાં તૈયારીઓ કરવામાં આવી છે.

જામકંડોરણાના આંગણે યોજાનાર આ ઐતિહાસિક સમુહ લગ્નોત્સવ અંગે માહિતી આપતા ભાજપના યુવા ધારાસભ્ય જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે, આ ભવ્ય સમુહલગ્નોત્સવમાં ગુજરાતભરમાંથી ગરીબ પરિવારના ૫૧૧ દિકરા–દિકરીઓને ગૃહસ્થ જીવનમાં પ્રસ્થાન કરવાનું અમને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. મારા પિતા શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાએ શરૂ કરેલી સમાજ સેવાની આ પરંપરા આગળ ધપાવવા સમગ્ર જામકંડોરણા તાલુકાના લેઉવા પટેલ સમાજના લોકો અને તાલુકાની ૪૨ સંસ્થાઓ સહિયારા ભગીરથ પ્રયાસો કરી રહી છે. અને દર વર્ષે આ સેવાકાર્ય વધુને વધુ વિસ્તરી રહ્યું છે.

આ ભવ્ય સમુહ લગ્નોત્સવ જામકંડોરણા જેવા નાના તાલુકા માટે ઐતિહાસિક અવસર બની રહેશે. કંડોરણાની બજારમાં ૫૧૧ જાનના સામૈયા એક અવિસ્મરણીય પ્રસંગ બની રહેશે વરરાજાઓના સામૈયા માટે ગીર સફારીની ખુલ્લી જીપોથી માંડી વિન્ટેજ કાર સુધીની વ્યવસ્થા કરવામાં આવી છે.

જયેશભાઈ રાદડિયાએ જણાવ્યું હતું કે, આ સમુહ લગ્નોત્સવમાં લગ્નગ્રંથીથી જોડાનાર દરેક યુગલના પરિવારોને કોઈપણ સંખ્યાની મર્યાદા વગર આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમજ સમગ્ર જામકંડોરણા તાલુકાના લેઉવા પટેલ સમાજને પણ નોતરા આપવામાં આવ્યા છે. આ સિવાય વિવિધ ક્ષેત્રના મહાનુભાવોને આમંત્રણ માટે ૨૫૦૦૦ કંકોત્રીનું વિતરણ કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમમાં દોઢથી બે લાખ લોકોના જમણવાર માટે વ્યવસ્થા કરવામાં આવી છે. લગ્ન મંડપથી માંડી જમણવાર અને પાર્કિંગ તથા ટ્રાફિક સહિતની વ્યવસ્થા માટે જામકંડોરણા તાલુકાના જ ૧૦,૦૦૦ સ્વ્યંસેવકો છેલ્લા ૧૫ દિવસથી જહેમત ઉઠાવી રહ્યા છે. આ સમુહ લગ્નમાં જોડાઈને ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરનાર દિકરીઓને કરિયાવર માટે દાતાઓએ મન મુકીને દાનનો ધોધ વહાવ્યો છે અને તેના કારણે દરેક દિકરીને અંદાજે રૂા. ૩ લાખની કિંમતની ૧૨૦ ચીજવસ્તુઓનો કરિયાવર આપવામાં આવનાર છે. સાથો સાથ દરેક દિકરીને શ્રીમદ ભાગવદ્ ગીતા પણ ભેટ ધરવામાં આવશે. કરિયાવરમાં ઘરગૃહસ્થિનું તમામ ફર્નિચર–રાચરચીલું આપવામાં આવનાર છે. વ્યવસ્થા જાળવવા માટે કરિયાવરની ચીજવસ્તુઓ લગ્નોત્સવ પહેલા જ જે તે કન્યાના સાસરિયામાં પહોંચાડવાની વ્યવસ્થા પણ જામ કંડોરણા છાત્રાલય દ્વારા કરવામાં આવી છે. દિકરીઓને ફ્રીઝ, ટીવી, બેડ, સોફા–સેટ, કબાટ, ટિપોઈ, ગાદલા, ઓસીકા, સોનાના દાણા, મંગળસુત્ર, રજવાડી ચેઈન વીથ પેન્ડલસેટ, ચાંદીનો તુલસીનો ક્યારો, સાંકળા, કંદોરો, ચાંદીની લક્ષ્મીજીની પ્રતિમા, ગણપતિજીની પ્રતિમા, કંકાવટી, ગાય, મિક્સર, બ્લેન્ડર, ટોસ્ટર સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓ ઉપરાંત વરરાજાની શેરવાની ચુડી, સાફો, સોલ, માળા, મોજડી તથા કન્યાના પાનેતર, સલવાર સુટ, ડિઝાઈનર સાડીઓ, કપ્પલ રિસ્ટવોચ વિગેરે પણ કરિયાવરમાં આપવામાં આવનાર છે.

શ્રી જામ કંડોરણા તાલુકા લેઉવા પટેલ કન્યા છાત્રાલય સહિતની સંસ્થાઓ દ્વારા ખેડુત નેતા વિઠ્ઠલભાઈ રાદડિયાની સ્મૃતિમાં આગામી તા. ૨૬ જાન્યુઆરીના રોજ જામકંડોરણા ખાતે લાડકડીના લગ્ન આઠમા શાહી સમુહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

જામકંડોરણાના કાલાવડ રોડ પર આવેલ શ્રી હંસરાજભાઈ સવજીભાઈ રાદડિયા લેઉવા પટેલ વિદ્યાર્થીભવન ખાતે લેઉવા પટેલ સમાજની ૫૧૧ દિકરીના ભવ્ય લગ્નોત્સવને સફળ બનાવવા મુખ્ય નિમંત્રક જામકંડોરણા તાલુકા લેઉવા પટેલ કન્યા છાત્રાલય અને કુમાર છાત્રાલયના પ્રમુખ જયેશભાઈ રાદડિયા સહિતની ટીમ ભારે જહેમત ઉઠાવી રહી છે.

આ સમૂહ લગ્ન પ્રસંગે કેબીનેટમંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા, સી.આર.પાટીલ, પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, સુરતના ડાયમંડ અગ્રણી વસંતભાઈ ગજેરા, હંસરાજભાઈ રાદડીયા, કેબીનેટમંત્રી રાઘવજીભાઈ પટેલ, સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજના ટ્રસ્ટ નાથદ્વારાના ઉપપ્રમુખ રાજુભાઈ હિરપરા ભક્તિગ્રુપ, સુરતના રમેશભાઈ ગજેરા, સોમનાથ ઈન્ફ્રાસ્ટ્રકચર, સુરતના સેવાભાવી પરસોતમભાઈ ગજેરા (દાસભાઈ) રાજયકક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સરદારધામના પ્રમુખ ગગજીભાઈ સુતરીયા, આર.સી.ફળદુ, જીતુભાઈ વાઘાણી, ડો. ભરત બોઘરા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મહેશભાઈ કસવાળા, પ્રવિણભાઈ, દિવ્યેશભાઈ અકબરી, કંચનબેન રાદડીયા, સુધીરભાઈ વાઘાણી, જે.પી.કાકડીયા, વિનુભાઈ મોરડીયા, જનકભાઈ તળાવીયા, કિરીટભાઈ પટેલ, કાન્તીભાઈ બલટ, પુર્વ સાંસદ રમેશભાઈ ધડુક, નારણભાઈ કાછડીયા, ભરત પટેલ, પ્રવિણભાઈ લાખાણી, સંજયભાઈ કોરડીયા, વિ.જી.ચોવટીયા, સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ ટ્રસ્ટ નાથદ્વારાના ટ્રસ્ટીઓ, ધારાસભ્યો, પુર્વ ધારાસભ્યો, સમાજના અગ્રણીઓ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, ઉદ્યોગપતિઓ તેમજ વિશાળ સંખ્યામાં સમાજના લોકો હાજર રહી આ ભવ્ય સમૂહ લગ્નના સાક્ષી બનશે.આ સમૂહ લગ્ન સમારોહ પ્રસંગે કુમાર તથા કન્યા છાત્રાલયને રોશનીથી સુશોભીત કરવામાં આવેલ છે અને ભવ્ય સેટ ઉભા કરવામાં આવેલ છે.લાડકડીના લગ્નોત્સવ પહેલા એટલે કે આજે ૨૪ જાન્યુઆરીના રોજ સાંજે ૮ વાગ્યે ગીતાબેન રબારી તથા તેના ગૃપનો ભવ્ય રાસોત્સવનું લગ્નસ્થળે આયોજન કરાયું છે. તેમજ તારક મહેતાની ટીમ પણ ઉપસ્થિત રહેનાર છે

જામકંડોરણાના લેઉવા પટેલ વિદ્યાર્થી ભવનમાં ૫૧૧ દીકરીના સમુહલગ્નોત્સવ માટે ઉભા કરાયેલા વિશાળ સમિયાણામાં બપોરે ૨:૩૦ વાગ્યે જાન આગમન થશે ૩ વાગ્યે ભવ્ય વરઘોડામાં વર કન્યા પરિવારજનો શરણાઈ–બેન્ડના તાલે ઝુમશે, સાંજે ૪ વાગ્યે દાતાઓનો સત્કાર સમારંભ તેમજ આશિર્વચન, સાંજે ૫ વાગ્યે હસ્ત મેળાપ, ૬ વાગ્યે ભોજન સમારંભ, ૮ વાગ્યે કન્યાઓનું ભાવભેર વિદાયમાન અપાશે લગ્નોત્સવ દરમિયાન ઉર્વશિબેન રાદડિયાનું ગૃપ દ્વારા લગ્નગીતોની રમઝટ બોલાવાશે.

આ કામગીરી છેલ્લા એક મહિનાથી ચાલી રહેલ છે. આ ૫૧૧ દિકરીઓના સમૂહલગ્નમાં જામકંડોરણા અને તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોના ૧૦ હજારથી વધારે સ્વયંસેવકો પોતાની સેવાઓ બજાવશે.

લગ્ન સમારોહ દરમિયાન ઈમરજન્સી સારવાર માટે રાજકોટકની ઓમેગા હોસ્પિટલ તેમજ જામકંડોરણાની સરકારી હોસ્પિટલ સહિતના નિષ્ણાંત તબીબો સેવા આપશે. ઓમેગા હોસ્પિટલનાં સ્ટાફ દ્વારા જરૂરિયાતમંદ લોકોનું ડાયાબિટિસ અને બ્લડ પ્રેસર તપાસી દેવાશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

